**રાજ્ય હસ્તકના ઉર્જા એકમોની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા**

* 15/4/2547 : **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવડીયા**(પોરબંદર): **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય હસ્તકના ઊર્જા એકમોની વાર્ષિક સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલા યુનિટ છે, | (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય હસ્તકના ઉર્જા એકમો(જીએસઇસીએલ અને રાજ્ય હસ્તકના આઇપીપી)ની વાર્ષિક સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૨૨માં ૯,૬૮૪ મેગાવોટ અને વર્ષ ૨૦૨૩માં ૯,૮૫૨ મેગાવોટ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર સ્થાપિત વીજ ક્ષમતા સામે કેટલા યુનિટ વીજ ઉત્પાદન થયું, | (૨) | તે અન્વયે વર્ષ ૨૦૨૨માં કુલ ૨૭,૭૭૯ મિલિયન યુનિટ અને વર્ષ ૨૦૨૩માં કુલ ૨૭,૬૯૧ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયું. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વીજ ઉત્પાદન પૈકી વર્ષવાર કેટલો જથ્થો ગ્રીડમાં નાંખવામાં આવ્યો, અને | (૩) | ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત વીજ મથકોમાંથી ઉત્પાદિત થયેલ તમામ જથ્થો ગ્રીડમાં નાંખવામાં આવેલ છે. |
| (૪) ઉત્પાદન ગ્રીડમાં ગયા બાદ વપરાશકાર સુધી વીજ પ્રવાહ પહોંચાડવામાં કેટલા યુનિટ અને કેટલા ટકા લાઇન લોસ વર્ષવાર નોંધાયો ? | (૪) | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા રાજ્યમાં સ્થિત અને રાજ્ય બહાર સ્થિત વિવિધ સ્ત્રોતમાંથી વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે વીજ વપરાશકાર સુધી વીજ પ્રવાહ પહોંચાડવામાં સેન્ટ્રલ ગ્રીડ માંથી ખરીદવામાં આવેલ વીજળી માટે કેન્દ્રીય ટ્રાન્સમિશન લોસ લાગુ પડે છે. જે ઉપરાંત રાજ્યની ગ્રીડના ટ્રાન્સમિશન લોસ અને ડીસટ્રીબ્યુશન લોસ લાગુ પડે છે. કુલ વીજ ઉત્પાદન ગ્રીડમાં ગયા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કેન્દ્રીય ટ્રાન્સમિશન નેટવર્ક લોસ ૩.૪૨%, સ્ટેટ ટ્રાન્સમિશન લોસ ૩.૬૦% અને ડીસટ્રીબ્યુશન લોસ ૯.૧૫% થયેલ. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કેન્દ્રીય ટ્રાન્સમિશન નેટવર્ક લોસ ૩.૫૭%, સ્ટેટ ટ્રાન્સમિશન લોસ ૩.૮૪% અને ડીસટ્રીબ્યુશન લોસ ૧૦.૨૮% થયેલ. વિવિધ ઉત્પાદન સ્ત્રોતમાંથી થયેલ ઉત્પાદનનો જથ્થો પુલ થઈને ગ્રીડમાં જતો હોવાથી માત્ર રાજ્ય હસ્તકના ઉર્જા એકમો માટેના લાઈન લોસના યુનિટની ગણતરી શક્ય નથી. |

-------